
**તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૭ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૧૯ | ૧૯ ઓક્ટોબર, ૨૦૧૬, બુધવાર ; આસો વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


ગેરન્ટેડ ગિફ્ટ કુપન




# અંકુશરેખા પર પાક. સેનાનો ગોળીબાર

## રાજોરીમાં ભારે હથિયારો સાથે ગોળીબાર કરાયો : પાકિસ્તાની સેના દ્વારા કરાયેલા ગોળીબાર બાદ ભારતીય સેનાનો જડબાતોડ જવાબ



જમ્મુ,તા. ૧૮

ભારતીય સેના દ્વારા પોકમાં ઘુસી જઈને ત્રાસવાદીઓનો સફાયો કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન વારંવાર સતત ઉશ્કેરણીજનક કૃત્યો કરી રહ્યુ છે. પાકિસ્તાન દ્વારા આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા પર યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરવામાં આવ્યો છે. આના ભાગરૂપે પાકિસ્તાને આજે વહેલી પરોઢે પણ યુદ્ધવિરામનો ભંગ કરીને અંકુશ રેખા પર રાજોરીમાં ભારતીય સેનાની ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. સાથે સાથે મોર્ટારનો મારો પણ ચલાવ્યો હતો. પાકિસ્તાન સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબાર બાદ ભારતીય સેનાએ જોરદાર જવાબી કાર્યવાહી કરી હતી. સામ સામે ગોળીબારની રમઝટ જામી હતી. નૌશેરામાં મોડી રાત્રે ગોળીબાર કરવામાં આવ્યો હતો. થોડાક દિવસ સુધી શાંતિ રહ્યા બાદ પાકિસ્તાની સેના દ્વારા વારંવાર ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. પાકિસ્તાને રાજોરીમાં રવિવારના દિવસે પણ ગોળીબાર કરતા ભારતીય જવાનોએ જવાબી કાર્યવાહી કરી હતી. જો કે આમાં રાજપુતાના રાઈફલના જવાન સુદીશ કુમાર શહીદ થયા હતા. ૨૪ વર્ષીય સુદીશ યુપીના સંભલના નિવાસી હતા. આ ગોળીબારમાં કેટલાક સામાન્ય નાગરિક ઘાયલ પણ થયા

● અનુસંધાન પાન-૭ પર

## બોગસ ડિગ્રી કેસમાં સ્મૃતિ વિરૂદ્ધ સમન્સ નહીં અપાય

નવી દિલ્હી,તા. ૧૮

કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઈરાનીને મોટી રાહત આપીને દિલ્હી કોર્ટે બનાવટી ડિગ્રી કેસમાં તેમની સામે સમન્સ જારી નહીં કરવાનો નિર્ણય કર્યો છે. સ્મૃતિ ઈરાની પર ચૂંટણી પંચને ખોટી માહિતી આપવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

શૈક્ષણિક લાયકાતને લઈને બનાવટી માહિતી આપવામાં આવી હતી. અગાઉ ચૂંટણી પંચે વર્ષ ૨૦૧૪માં સામાન્ય ચૂંટણી લડવા માટે તેમની શૈક્ષણિક લાયકાતના સમર્થનમાં સ્મૃતિ ઈરાની દ્વારા દાખલ કરવામાં આવેલા દસ્તાવેજો કોર્ટમાં રજૂ કર્યા હતા.

## હાઈવે પર વિમાન ઉતારવા માટે ઈમરજન્સી પ્લાન

### હાઈવે પર ૨૧ જગ્યાઓની ઓળખ કરી લેવાઈ : ભારત-પાકિસ્તાન સરહદ ઉપર આવેલા સ્થળોની પણ ઓળખ કરાઈ : કુદરતી હોનારતવેળા પણ ઉપયોગી હશે




નવી દિલ્હી,તા. ૧૮

ભારતીય હવાઈ દળે ભારતના વિમાન પર ૨૧ એવી જગ્યાની ઓળખ કરી છે જેનો ઉપયોગ ઓપરેશનલ ઈમરજન્સી અથવા તો કુદરતી હોનારતવેળા બચાવ અભિયાનમાં ઉતરાણ અથવા ટેક ઓફ માટે કરવામાં આવી શકે છે. હાઈવે પર જે જગ્યાઓની પસંદગી કરવામાં આવી છે તેમાં કેટલીક ભારત અને પાકિસ્તાન સરહદ નજીક પણ છે. રાજસ્થાનના જેસલમેર અને ગુજરાતના દ્વારકામાં પણ જગ્યા છે. આવી કેટલીક જગ્યા આંતરરાષ્ટ્રીય સરહદ સાથે જોડાયેલા રાજ્યો જમ્મુ કાશ્મીર, આસામ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ છે. હવાઈ દળ દ્વારા હાઈવે ઉપર આ જગ્યાઓની પસંદગી વિસ્તૃત અભ્યાસ બાદ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# તમિળનાડુને રોજ ૨૦૦૦ ક્યુસેક પાણી આપવા હુકમ

## સુપ્રીમ કોર્ટે કર્ણાટકને સ્પષ્ટ સૂચના આપી : સંબંધિત રાજ્યોમાં શાંતિ અને વ્યવસ્થા જાળવી રાખવા કર્ણાટક અને તમિળનાડુ બંનેને સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો



નવી દિલ્હી,તા. ૧૮

કાવેરી જળના મુદ્દે કર્ણાટકને કોઈપણ પ્રકારની રાહત આપવાનો સુપ્રીમ કોર્ટે આજે ફરી ઈન્કાર કર્યો હતો. કાવેરીના પાણીને લઈને સુપ્રીમ કોર્ટે કર્ણાટક સરકારને આદેશ આપતા આજે કહ્યું હતું કે, આગામી આદેશ ન થયા ત્યા સુધી તમિળનાડુને દરરોજ ૨૦૦૦ ક્યુસેક પાણી મળે તે જરૂરી છે. સાથે સાથે અદાલતે કર્ણાટક અને તમિળનાડુને પોતપોતાના પ્રદેશમાં શાંતિ અને વ્યવસ્થા જાળવી રાખવા માટેના આદેશ પણ કર્યા હતા. સોમવારના દિવસે ઉચ્ચ સ્તરીય પેનલે સૂચન કર્યું હતું કે, કાવેરી જળ વિવાદને ઉકેલવા માટે જુની અને બિનવૈજ્ઞાનિક એપ્લિકેશન ટેકનિકને ખતમ કરવામાં આવે તે જરૂરી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર પધારતા રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી

### અંકલેશ્વરથી હેલિકોપ્ટર મારફતે ગાંધીનગર બાપુ નોલેજ વિલેજ ખાતે પહોંચશે

ગાંધીનગર, તા.૧૮



ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી ૨૩મીએ ગાંધીનગરના પાદરમાં બાપુ નોલેજ વિલેજ ખાતે એવૉર્ડ વિતરણ સમારંભમાં ઉપસ્થિત રહેશે. વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાના આમંત્રણને માન આપી ગાંધીનગર પધારતા રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી વિશિષ્ટ પ્રવચન પણ આપનાર છે. અગાઉ અંકલેશ્વર પાસે સાંસદ અહેમદ પટેલના ટ્રસ્ટ દ્વારા નવનિર્મિત હૉસ્પિટલનું લોકાર્પણ પણ રાષ્ટ્રપતિના વરદ હસ્તે યોજાશે.

દેશના પ્રથમ નાગરિક અને આદરણીય રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ખાસ તા. ૨૩મીના રોજ સાંસદ અહમદ પટેલના આમંત્રણને માન આપીને સવારે ભરૂચ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ હોસ્પિટલના ઉદઘાટન નિમિત્તે ઉપસ્થિત રહેવાના છે. ત્યારબાદ અંકલેશ્વરથી હેલિકોપ્ટર મારફત બાપુ

● અનુસંધાન પાન-૭ પર

# યુવાધન કૌશલ્ય માટે સાત વિશિષ્ટ યુનિ. કાર્યરત

## મહાત્મા મંદિર ખાતે ઈન્ટરનેશનલ કોન્કલેવ ઓન હાયર એજ્યુકેશન ક્વોલિટી, ગવર્નન્સ એન્ડ ઈનોવેશનનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૮

સ્કીલ ડેવલપમેન્ટ અંતર્ગત રાજ્ય સરકારે ૭ જેટલી વિશિષ્ટ યુનિ.ઓની સ્થાપના કરી અને યુવાધન કૌશલ્યવાન બની આજની જ્ઞાન સદીમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરી રાજ્યને ગૌરવ અપાવશે તેવી વિભાવનાને પ્રોત્સાહિત કરવામાં ગુજરાતે મહત્વનું કદમ ભર્યુ છે તેમ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે પ્રિ. વાયબ્રન્ટ સમીટ અંતર્ગત યોજાયેલ એજ્યુકેશન સમીટને સંબોધતાં કહ્યું હતું.

તેમણે જણાવ્યુ હતુ કે સૌથી વધુ યુવાશક્તિ ધરાવતા દેશમાં વિકાસની ભાગીદારીમાં યુવાનો સક્રિય બને તે માટે પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પંચશક્તિ દ્વારા રાજ્યના વિકાસને વેગીલો બનાવવાની દિશામાં મહત્વના પગલાંઓ લીધા હતા.

ચિલ્ડ્રન યુનિ., રક્ષાશક્તિ યુનિ. ફોરેન્સીક સાયન્સ યુનિ., પેટ્રોલિયમ યુનિ. સહિતની સંસ્થાઓનો આમાં સમાવેશ થતો હોવાનું જણાવી મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે જ્ઞાન અને વિકાસ એ બન્ને સામાજિક વિકાસ જ નહિ પરંતુ સર્વાંગી વિકાસના મુખ્ય પહેલુ છે તેમ અમારી સરકાર સ્પષ્ટ માને છે.

પ્રધાનમંત્રી મોદીએ રાજ્યના વિકાસ માટે જે પંચશક્તિ દ્વારા વિકાસનું સ્વપ્ન જોયુ હતુ તેને સાકાર કરવા માટે અનેકવિધ પગલાં શિક્ષણ ક્ષેત્રે આગામી દિવસોમાં પણ લેવામાં આવશે.



મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું છે કે, બે સ્પેશ્યલ સ્ટ્રેન્થ લોકશાહી અને લોકશક્તિ બેયના વિનિયોગથી ગુણાત્મક શિક્ષણ દ્વારા ગુજરાતમાં સબ કા સાથ, સબ કા વિકાસની નેમ સાકાર કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, માત્ર ટ્રેડિશનલ પરંપરાગત શિક્ષણથી આગળ વધીને રોજગાર અવસર સાથે જ્ઞાનપ્રાપ્તિના વૈશ્વિક અવકાર

● અનુસંધાન પાન-૭ પર











